## કંઠે રૂપનું હાલરડું

(ફિલ્મઃ  મેંદી રંગ લાગ્યો)

કંઠે રૂપનું હાલરડું ને આંખે મદનો ભાર
ઘુંઘટમાં જોબનની જ્વાળા ઝાંઝરનો ઝણકાર
લાંબો છેડો છાયલનો ને ગજરો ભારો ભાર
લટક મટકતી ચાલ ચાલતી જૂઓ ગુર્જરી નાર
મેંદી તે વાવી માળવે, એનો રંગ ગયો ગુજરાત રે, મેંદી રંગ...
નાનો દોયરીયો લાડકો ને, કાંઇ લાવ્યો મેંદીનો છોડ રે. મેંદી...
વાટી ઘુંટીને ભર્યો વાટકો ને ભાભી રંગો તમારા હાથ રે. મેંદી...
    લાંબો ડગલો મૂછો વાંકડી, શીરે પાઘડી રાતી,
    બોલ બોલતો તોળી તોળી, છેલ ઝબીલો ગુજરાતી.
અરે તન છોટું પણ મન મોટું છે ખમીરવંતી જાતી
ભલે લાગતો ભોળો પણ હું છેલ છબીલો ગુજરાતી.
મેંદી તે વાવી માળવે, એનો રંગ ગયો ગુજરાત રે, મેંદી.
હાથ રંગીને વીરા શું રે કરૂં એનો જોનારો પરદેશ રે. મેંદી.
મેંદી તે વાવી માળવે, એનો રંગ ગયો ગુજરાત રે, મેંદી રંગ...

------